# ત્યાં જા, ખબર નહીં ક્યાં

## ઈશા સરદેસાઈ દ્વારા પુનર્લિખિત

એક ખેડૂત ઓલિવ વીણી વીણીને તેલ કાઢવાના મશીનમાં નાંખી રહ્યો હતો. જેમજેમ તે દઢપણે કામ કરતો ગયો, તેમતેમ ઓલિવના સુગંધિત તેલની સુવાસ તેના હાથોમાં ને આખા શરીરમાં ફેલાઈ રહી હતી. ક્ષિતિજ પર સૂર્ય આથમી રહ્યો હતો. જ્યારે તેનો આછો પ્રકાશ આકાશ પર છવાઈ ગયો ત્યારે તેણે કામ કરવાનું બંધ કર્યું અને પોતાની વાડી પર નજર કરી — પહાડના ઢોળાવો, ઓલિવના વૃક્ષો, નાનું ઘર જ્યાં તે તેની પત્ની સાથે રહેતો હતો. તેનું માનવું હતું કે એ આખી દુનિયાની સૌથી સુંદર જગ્યા હતી.

''ઇમિલિઓ!'' ઘરમાંથી તેની પત્ની, હેલેના તેને બોલાવી રહી હતી. ''ઇમિલિઓ, જલ્દી આવો! જુઓ આપણને મળવા કોણ આવ્યું છે.''

જ્યારે ઇમિલિઓ પહાડના ઢોળાવ પરથી નીચે ઊતરવા લાગ્યો, તો તેને ઘોડાગાડી જેવું કંઈક દેખાયું. તેની પાછળ જાંબલી રંગની રેશમી ધજા લહેરાઈ રહી હતી. તેના પર રાજ-ચિહ્ન હતું.

ઇમિલિઓને ખૂબ જ આશ્ચર્ય થયું. તેણે વિચાર્યું, ''રાજા? અમારી વાડી જોવા આવ્યા?'' તે થોડો ઝડપથી ચાલવા લાગ્યો. જ્યારે તે ઘરની નજીક પહોંચ્યો, ત્યારે તેને ખાતરી થઈ ગઈ કે ખરેખર રાજા જ આવ્યા છે.

''હે રાજન્, તમે અહીં આવવાની કૃપા કરી, અમે આપની શું સેવા કરી શકીએ?'' ઇમિલિઓએ કહ્યું.

રાજાએ કહ્યું, ''કેમ છે? ઇમિલિઓ.'' તેમણે નજીક ઊભેલી હેલેના તરફ જોઈને કહ્યું, ''તારી પત્ની મારી સાથે તમારી વાડી વિશે જ વાત કરી રહી હતી. હું અહીંથી પસાર થઈ રહ્યો હતો અને તારી વાડી એટલી સુંદર છે કે હું તેને જોતો જ રહી ગયો.''

''ધન્યવાદ, મહારાજ,'' ઇમિલિઓએ કહ્યું. ''હા, અમે અહીં ઓલિવની ખેતી કરીએ છીએ અને દરવર્ષે બજારમાં તેનું તેલ વેચીએ છીએ.''

રાજાએ વાડીમાં ચારેબાજુ નજર કરી, તેની નજર નજીકમાં મૂકેલા ઘણાં બધાં ઓલિવ તેલનાં ખુલ્લાં પીપડાંઓ પર હતી. એ તેલ પ્રવાહી-સોના જેવું હતું, તેની સુગંધ તેમની આસપાસ હવામાં ફેલાઈ રહી હતી, તેની તાજી મધુર સુગંધ વાતાવરણને ઘેરી રહી હતી. રાજાએ તેના જીવનમાં અસંખ્ય ઉમદા અત્તરો જોયા હતા — પરંતુ તેને ખાત્રી હતી કે તેણે આના જેવું કંઈપણ ક્યારેય જોયું નહોતું.

રાજા, ઇમિલિઓ અને હેલેના તરફ ફર્યા. તેમણે કહ્યું, ‘‘મને આ જમીન તેમજ એ બધાં ઓલિવ અને તેલ જોઈએ છે, જેનું તું અહીં ઉત્પાદન કરે છે.’’

ઇમિલિઓ અવાક રહી ગયો. તેણે કહ્યું, ‘‘મને...મને માફ કરો, મહારાજ, પણ હું તમને આ જમીન નહીં આપી શકું.’’

‘‘તારો કહેવાનો મતલબ શું છે કે તું મને નહીં આપી શકે?’’ રાજાને વિશ્વાસ ન થયો. રાજાને જે જોઈતું હોય તેના માટે ના સાંભળવાની આદત ન હતી.

‘‘મહારાજ, પેઢીઓથી આ વાડી મારા પરિવાર પાસે છે. તે અમારું ઘર છે. હું તે નહીં આપી શકું. મહેરબાની કરીને જો બીજું કંઈ હોય, કંઈ પણ જે હું કરી શકું તો મને કહો, હું તે ખુશીથી કરીશ.’’

એક ક્ષણ માટે રાજા કંઈ ન બોલ્યા. તેમણે મનમાં વિચાર્યું, ‘‘નિઃસંદેહ, હું આ જમીનને જપ્ત કરી શકું છું. આખરે હું એક રાજા છું.’’ પરંતુ તેણે વિચાર્યું કે જો તે આવું કરશે તો તે એક ક્રૂર શાસક છે તેવા આરોપો લાગશે અને તેના દુશ્મનોને બળ મળશે. ના, ના, તેણે વધારે હોશિયાર રહેવું પડશે.

રાજાએ કહ્યું, ‘‘સારું. પણ, જો તું મને તારી ઓલિવની વાડી નહીં આપે, તો પછી એક વર્ષ માટે તારે મારી જમીન પર કામ કરવું પડશે. એક વર્ષ માટે, તું કામ કરશે અને હું તને જે પણ કાર્ય કરવાનું કહું તે તારે કરવું પડશે.

ઇમિલિઓએ રાજાના આ હુકમનો સ્વીકાર કર્યો અને બીજે દિવસે સવારે તે મહેલના મેદાન તરફ જવા નીકળી પડ્યો.

પરંતુ ત્યાં પહોંચીને તેણે જે જોયું તેનાથી તેને ખૂબ જ આઘાત લાગ્યો. બધાં જ વૃક્ષો કૃશ અને બીમાર હોય એવા દેખાતાં હતાં. તેના પાંદડાં પીળા પડીને નમી ગયાં હતાં, તેના ઘસાઈ ગયેલાં મૂળિયાં જમીનની બહાર દેખાઈ રહ્યાં હતાં, માટી તો એટલી સૂકી હતી જાણે કે રેતી હોય.

જ્યારે ઇમિલિઓ આ દૃશ્ય જોઈ રહ્યો હતો, ત્યારે પાછળથી રાજાનો એક સેવક તેની પાસે આવ્યો.

સેવકે કહ્યું, ‘‘રાજાનો હુકમ છે કે તું બે દિવસમાં આ વૃક્ષોને ફરીથી જીવિત કરી દે.’’

‘‘બે દિવસમાં?! કેવી રીતે...?’’ ઇમિલિઓએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

‘‘બે દિવસમાં.’’ સેવકે ફરીથી કહ્યું. ‘‘અહીં જો, આ લઈ લે.’’ તેણે જૂની કોદાળી ઇમિલિઓ તરફ સરકાવીને તેના હાથમાં પકડાવી દીધી.

ઇમિલિઓ તેની સામે રહેલાં ડાળખાં જેવા વૃક્ષ તરફ ફર્યો, તેના ખભા હતાશાથી નમી ગયા. પણ શું કરે? તેણે કામ કરવાનું શરૂ કરી દીધું.

બાકીનો આખો દિવસ અને રાત સુધી તેણે કઠોર પરિશ્રમ કરી વૃક્ષોનું જતન કર્યું, જમીન ખોદીને તેમાં માટી ભરી, જમીનને સજીવ કરી દીધી. દિવસે સૂર્ય તેજ અને કઠોર હતો, અને રાત્રે ભેજવાળું વાતાવરણ પણ કંઈ સારું ન હતું.

બીજો દિવસ પૂરો થાય ત્યાંસુધીમાં તો ઇમિલિઓ માટીથી ભરાઈ ગયો હતો અને ખૂબ થાકી ગયો હતો. તેમછતાં કોઈક ચમત્કારિક રીતે, તેણે એ કાર્ય પૂરું કરી લીધું. જમીન ફરી નરમ અને ભીની થઈ ગઈ હતી; તેણે વૃક્ષોની સૂકી ડાળીઓ અને સૂકાં પાંદડાંને કાપી નાંખ્યાં હતાં અને તેમાં નવી ચેતના દેખાઈ રહી હતી.

રાજાએ મહેલમાંથી જોયું, તેમના ચહેરા પર નારાજગી હતી.

‘‘શું થયું, મહારાજ? શું તમે નહોતા ઇચ્છતા કે ઇમિલિઓ આ વૃક્ષોને પુનર્જીવિત કરે?’’ તેમના એક સેવકે પૂછ્યું.

‘‘ના, મારે તેને મારી નાંખવો છે. કારણકે તો જ હું તેની જમીન જપ્ત કરી શકીશ,’’ રાજાએ કહ્યું.

સેવકે ખચકાતા ખચકાતા કહ્યું, ‘‘મહારાજ, શું એ જરૂરી છે? નિશ્ચિતરૂપે, ત્યાં બીજી જમીન પણ છે, જે એટલી જ સારી હશે.’’

‘‘ના!’’ રાજાએ કહ્યું. તે હવે એટલા લાલચુ થઈ ગયા હતા કે કોઈ કારણ સાંભળવા તૈયાર નહોતા. ‘‘તેં એ ઓલિવ નહોતા જોયા અને તેના તેલની સુગંધ નહોતી લીધી. જા — તેને વધારે કામ આપી આવ.’’

તેથી, દિવસો સુધી, અઠવાડિયાઓ અને મહિનાઓ સુધી આવું ચાલતું રહ્યું. કાર્ય વધુ ને વધુ દુષ્કર વધુ ને વધુ મૂર્ખામીભર્યું થતું ગયું. રાજાએ કહ્યું, એંશી નવા વૃક્ષોની રોપણી કર. બીજા એંશી વૃક્ષનાં મૂળિયા ઉખાડી નાખ. દર વખતે, ઇમિલિઓ કોઈક રીતે જે કરવાનું હોય તે કરી દેતો. પણ દર વખતે, તે એવું પણ વિચારતો કે ચિંતા અને તણાવને કારણે તે ભાંગી પડશે.

‘‘રાજા મને એટલું કામ કરાવવા માગે છે કે હું મરી જાઉં!’’ ઇમિલિઓએ એક દિવસ રાત્રે જમતી વખતે તેની પત્નીને કહ્યું. તે માથું પકડીને બેસી ગયો.

‘‘જ્યારે માત્ર આપણે બે અને આપણી વાડી હતી ત્યારે જીવન કેટલું સારું હતું!’’ તેણે નિસાસો નાંખીને કહ્યું.

‘‘કદાચ હા, પણ ભૂતકાળનો વિચાર કરવાથી શું ફાયદો? અત્યારે તો તમારા જીવનની આ જ પરિસ્થિતિઓ છે.’’ હેલેનાએ કહ્યું.

‘‘ખેર, મારે આ પરિસ્થિતિઓથી છૂટકારો મેળવવો છે.’’ ઇમિલિઓએ કહ્યું.

હેલેનાએ પૂછ્યું, ‘‘પણ તમે કેવી રીતે છૂટકારો મેળવશો? રાજાનું સામ્રાજ્ય તો જ્યાંસુધી દૃષ્ટિ જઈ શકે ત્યાંસુધી ફેલાયેલું છે, અને તેમનો કાયદો પણ એવો જ છે.’’

‘‘પણ આનાથી બહાર નીકળવાનો કોઈક માર્ગ તો હોવો જોઈએ.’’

હેલેના ઘણી સમજુ અને બુદ્ધિશાળી મહિલા હતી. ‘‘બહાર નીકળવાનો માર્ગ સ્પષ્ટ છે, ઇમિલિઓ. તમારે તમારું કર્તવ્ય નિભાવવું જ પડશે. ન આગળ જુઓ કે ન પાછળ. બસ તમારું કાર્ય કરતા રહો.’’

તેથી ઇમિલિઓ તેમ કરતો રહ્યો. તે રોજ સવારે વહેલો પહોંચી જતો અને મોડી સાંજે પાછો ફરતો. ભલે તેની સામે અત્યંત મોટું કાર્ય હોય, ભલે તે અત્યંત દુષ્કર લાગતું હોય તોપણ, ઇમિલિઓ તેને પૂરું કરવાનો કોઈ ને કોઈ માર્ગ શોધી કાઢતો.

અંતે, એક દિવસ રાજાએ ગુસ્સામાં તેના સેવકને કહ્યું, ‘‘આવી રીતે તો તે હાર નહીં માને. આ માણસથી છૂટકારો મેળવવા માટે આપણે કોઈક બીજી રીત શોધવી પડશે.’’

‘‘હડ્ડમ્, મારી પાસે એક યુક્તિ છે.’’ સેવકે કહ્યું. તેણે રાજાને પોતાની યુક્તિ જણાવી, જે સાંભળીને રાજાએ માથું હલાવીને હા પાડી.

***

બીજે દિવસે સેવક ઇમિલિઓને મળવા માટે બગીચામાં ગયો.

‘‘કેમ છે ઇમિલિઓ,’’ સેવકે સંક્ષિપ્તમાં કહ્યું. ‘‘હું તારા માટે રાજાનો આદેશ લઈને આવ્યો છું.’’

‘‘હા, બોલો શું આદેશ છે?’’

‘‘રાજાએ જે કહ્યું છે તે હું શબ્દશઃ જણાવીશ : *‘ત્યાં જા, ખબર નહીં ક્યાં. એ લઈ આવ, ખબર નહીં શું.’* ’’

‘‘ત્યાં જા — માફ કરજો, શું?’’ ઇમિલિઓએ ગભરાઈને પૂછ્યું.

*‘‘ત્યાં જા, ખબર નહીં ક્યાં. એ લઈ આવ, ખબર નહીં શું?’’*

ઇમિલિઓ સેવક તરફ તાકતો રહ્યો ‘‘જે... જેની મને ખબર નથી ત્યાં હું કેવી રીતે જઈ શકું? અને જે મને ખબર *નથી* તે કેવી રીતે લાવી શકું?’’

‘‘હું તો બસ સંદેશ જણાવી રહ્યો છું. હું તને મારી શુભેચ્છા પાઠવું છું.’’ સેવક આટલું બોલીને ત્યાંથી જતો રહ્યો.

એ દિવસે મોડી સાંજે, ઇમિલિઓએ તેની પત્નીને પોતાની મુસીબત કહી સંભળાવી. ઇમિલિઓ ફરીથી તેનું માથું પકડીને બેસી ગયો.

ઇમિલિઓએ કહ્યું, ‘‘હું જાણું છું, મેં પહેલાં પણ કહ્યું છે પરંતુ આ તો ખરેખર અસંભવ કાર્ય છે. *‘‘ત્યાં જા, ખબર નહીં ક્યાં? એ લઈ આવ, ખબર નહીં શું?’’*

હેલેનાએ પોતાના હોઠ દબાવ્યા. તે ધ્યાનપૂર્વક વિચારી રહી હતી. તેણે કહ્યું, ‘‘આ એક કોયડો છે. હું એક વ્યક્તિને જાણું છું જે તમારી મદદ કરી શકશે.’’

ઇમિલિઓએ તેની તરફ જોઈને કહ્યું, ‘‘ખરેખર? તે કોણ છે?’’

‘‘એક જ્ઞાની વૃદ્ધ મહિલા છે જેના વિશે લોકો વાત કરતાં હોય છે. એવું કહેવાય છે કે જેને મદદની જરૂર હોય તેને તે મદદ કરે છે.’’

‘‘અને હું આ વૃદ્ધ મહિલાને ક્યાં મળી શકું?’’

‘‘કોઈને બરાબર જાણકારી નથી, પણ મેં સાંભળ્યું છે કે જો તમે જંગલ પાર કરશો, અને તે જંગલ પૂરું થઈ ગયા પછી પણ થોડા આગળ જશો, તો તમને તેનું ઘર મળી જશે.’’

એવું લાગતું હતું કે ઇમિલિઓ આ વાતથી સહમત નહોતો.‘‘મારી વાત સાંભળો,’’ હેલેનાએ ધીમેથી કહ્યું. ‘‘તમારે આ જ્ઞાની વૃદ્ધ મહિલાને મળવું જોઈએ. મને અંદરથી લાગે છે કે તે તમારી મદદ કરી શકશે.’’

અને તેથી પ્રશ્નો અને શંકાઓ હોવા છતાં ઇમિલિઓ નીકળી પડ્યો. તે પરિશ્રમથી જંગલના આખા રસ્તે ચાલ્યો, અને પછી જ્યારે જંગલ પૂરું થઈ ગયું, તોપણ તે ચાલતો રહ્યો. અને ચાલતો જ રહ્યો. અને ભટકતો રહ્યો. તેને સમયનું ભાન ન રહ્યું. તે આશા છોડી ચૂકવાની અણી પર હતો ત્યારે જ થોડે દૂર તેને કંઈક દેખાયું, તે એક નાની ઝૂંપડી હતી. બારીમાંથી પ્રકાશ ટમટમી રહ્યો હતો.

તેણે વિચાર્યું, *‘‘શું તે આ જ હશે? જ્ઞાની વૃદ્ધ મહિલાનું ઘર?’’* તેણે દોડીને દરવાજો ખટખટાવ્યો.

દરવાજો ખુલી ગયો અને ઉંબરા પર ઊભી હતી એ વૃદ્ધ મહિલા, તેના વાળ સફેદ-રૂપેરી રંગના હતા. તેના ચહેરા પર કરચલીઓ પડી ગઈ હતી. તેનામાં અવર્ણનીય તેજ હતું, ઇમિલિઓએ પહેલાં ક્યારેય આવું તેજ નહોતું જોયું. તે એવું તેજ હતું જાણે તેના અસ્તિત્વમાંથી સૂર્ય પ્રકાશિત થઈ રહ્યો હોય, અથવા તો તે ચંદ્ર હતો. તેની આંખોમાં એક પ્રકારનું જ્ઞાન હતું.

‘‘હા બોલ, બેટા!’’ તેણે કહ્યું. તેનો અવાજ કોમળ અને ગહન હતો.

‘‘મૅડમ, મને આશા છે કે તમે મારી મદદ કરી શકશો.’’ ઇમિલિઓએ કહ્યું. કોઈક કારણસર, તેને લાગ્યું કે તે આ મહિલા સાથે વાત કરી શકશે, અને જો તે તેને પોતાની પરિસ્થિતિ વિશે કહેશે તો તે સમજી જશે. તેથી કોઈ ઔપચારિક પરિચય આપ્યા વિના જ તેણે પોતાની આખી વાત કહી સંભળાવી — રાજા તેની પાસે તે અત્યંત

થાકી જાય ત્યાંસુધી કામ કરાવે છે, એ કાર્યો જે ધીરેધીરે વધીને અશક્ય થવા લાગ્યા છે અને અંતે આ આદેશ આપ્યો કે *ત્યાં જા, ખબર નહીં ક્યાં. એ લઈ આવ, ખબર નહીં શું.*

જ્યારે ઇમિલિઓએ પોતાની વાત કહેવાનું પૂરું કર્યું, એ મહિલાએ તેના ખભા પર હાથ મૂકીને સ્મિત કર્યું.

તેણે કહ્યું, ‘‘એટલે તું અહીં આવ્યો છે. અહીં જ ઊભો રહે.’’ આમ કહીને તે તેના ઘરની અંદર જતી રહી.

થોડીવાર પછી તે દરવાજા પાસે પાછી આવી, તેના હાથમાં એક નાની પોટલી હતી. તે કથ્થઈ રંગના કાગળમાં સારી રીતે વીંટાળેલી હતી.

‘‘શું તને ખબર છે કે તું ક્યાં છે?’’ તેણે ઇમિલિઓને પૂછ્યું.

‘‘હું તમારી ઝૂંપડીમાં છું.’’ તેણે કહ્યું.

‘‘પણ શું તને ખબર છે કે મારી ઝૂંપડી ક્યાં છે?’’

‘‘મારા ખ્યાલથી હવે મને ખબર છે. પણ પહેલાં મને નહોતી ખબર. અરે, અરે — હા!’’ ઇમિલિઓએ ઉત્સુકતાથી કહ્યું. આખરે તેને સમજાઈ રહ્યું હતું. *‘‘ત્યાં જા, ખબર નહીં ક્યાં ...’’*

‘‘હા, બેટા.’’ એ જ્ઞાની મહિલાએ કહ્યું. તેણે ઇમિલિઓના હાથમાં પોટલી મૂકીને કહ્યું, ‘‘હવે આ લે અને તેને સીધી રાજા પાસે લઈ જા. અને જો રાજા તને કહે કે તેમણે તને આ લેવા માટે નહોતો મોકલ્યો, તો તું તેમને કહેજે કે તું આ પોટલીને દરિયા સુધી લઈ જશે અને તેને તોડી નાંખશે. અને જ્યારે તું દરિયા તરફ ચાલતો હોઈશ, ત્યારે તું એક લાકડી ઉઠાવજે અને તેને મારવાનું શરૂ કરી દેજે.’’

ઇમિલિઓ બસ તેમને તાકતો રહ્યો.

‘‘તો પછી જા,’’ એ જ્ઞાની મહિલાએ કહ્યું, તેની આંખો ચમકી રહી હતી.

ઇમિલિઓએ ધીમેથી હકારમાં માથું હલાવ્યું, તેના ચહેરા પર મૂંઝવણ અને આશાના મિશ્રિત ભાવ હતા. તેણે એ જ્ઞાની વૃદ્ધ મહિલાનો આભાર માન્યો અને પાછા જવાની લાંબી યાત્રા શરૂ કરી દીધી.

આખરે જ્યારે તે મહેલના મેદાન પાસે પહોંચી ગયો, તો રાજાને પોતાની આંખો પર વિશ્વાસ જ ન થયો.

ઇમિલિઓએ દરબારમાં પ્રવેશતાં જ કહ્યું, ‘‘મહારાજ, તમે મને જે કરવાનું કહ્યું હતું તે મેં કરી લીધું છે. હું ગયો, *ત્યાં, ખબર નહીં ક્યાં.* અને હું *આ* લઈને આવ્યો છું.’’ તેણે પોટલી આગળ કરીને કહ્યું.

‘‘એ શું છે?’’ રાજાએ પૂછ્યું.

‘‘મને નથી ખબર,’’ ઇમિલિઓએ કહ્યું.

શંકાશીલ ચહેરા સાથે, રાજાએ એ પોટલી ખેંચી લીધી અને તેની ઉપરનું કથ્થઈ કાગળ કાઢી નાંખ્યું. તેની અંદર એક નાનું ગોળાકાર જેવું કંઈક હતું, જેના પર લીસું પાતળું ચામડું મઢેલું હતું — એક ઢોલ.

રાજાએ એ ઢોલને ઉપર કરીને પ્રકાશમાં જોયું, તેના કપાળ પર કરચલીઓ પડી ગઈ.

‘‘કદાચ તું ખોટી જગ્યાએ ગયો હોઈશ.’’ તેણે ઝડપથી કહ્યું અને ઢોલને ઇમિલિઓ તરફ પાછું ધકેલી દીધું. ‘‘તું જે લાવ્યો છે તે ખોટી વસ્તુ છે. અને તે તારી ફરજ નિભાવી નથી એટલા માટે, તારી જમીન, તારું ઘર, તારા ઓલિવનાં વૃક્ષો, આ બધું લેવા માટે હું મારા પહેરેદારોને મોકલીશ.’’

ઇમિલિઓએ કહ્યું, ‘‘જી, મહારાજ. પણ કારણકે હું ખોટી વસ્તુ લાવ્યો છું, એટલે મારે તેને દરિયા પાસે લઈ જઈને તોડી નાંખવી જોઈએ.’’ અને રાજા જવાબ આપે તે પહેલાં જ ઇમિલિઓ દરબારની બહાર જતો રહ્યો.

દરિયા તરફ જવાના રસ્તા પર ઇમિલિઓએ, રસ્તાની બાજુમાં કેટલીક સીધી લાકડીઓ જોઈ. એ જ્ઞાની મહિલાની સલાહ યાદ કરીને, તેણે તેમાંની એક લાકડી ઉપાડી લીધી અને ઢોલ પર જોર-જોરથી મારવા લાગ્યો.

*ઢમ્!* ઢોલ નાનું હોવા છતાં, તેની ગુંજ અસાધારણ હતી. *ઢમ્!* ઇમિલિઓ ઢોલને એક તાલમાં વગાડવા લાગ્યો. *ઢમ્!* એ ધ્વનિ તેની ચારેબાજુ ગુંજતો હતો. *ઢમ્!* એ ધ્વનિ તેની અંદર ગુંજતો હતો. *ઢમ્!* એ ધ્વનિ તેના અંતરમાં હતો. *ઢમ્!* શું એ ધ્વનિ હતો કે વાસ્તવમાં તે પોતે જ હતો?

ચાલતા-ચાલતા તેણે ઢોલ વગાડવાનું ચાલુ રાખ્યું, તેની જાગરૂકતા વધુ ને વધુ અંતર્મુખ થતી ગઈ. રાજા, અસંભવ કાર્યો, તેનું ઘર ગુમાવી દેવાનો ભય — આ બધું જ અચાનક તેનાથી ઘણું દૂર જતું રહ્યું. તેનું મન શાંત થવા લાગ્યું. તેમાં કોઈ વિચાર ન હતા, બસ ધ્વનિ હતો, બસ મૌન હતું.

અને જો ઇમિલિઓએ આજુબાજુ નજર કરી હોત, તો તેને ખબર પડી હોત કે વાસ્તવમાં તો તેની પાછળ મોટી ભીડ જામી ગઈ હતી. તે લોકો પણ ઢોલના ધ્વનિથી મંત્રમુગ્ધ થઈ ગયાં હતાં; તે બધાં પણ તાલબદ્ધ ચાલી રહ્યાં હતાં. રાજાએ જે પહેરેદારોને ઇમિલિઓની જમીન જપ્ત કરવા માટે મોકલ્યા હતા, તેઓ પણ રસ્તામાં ઊભા રહી

ગયા. ધ્વનિથી મુગ્ધ થઈને તેઓ પણ સાથે ચાલવા લાગ્યા. રાજાએ તેમને બૂમ પાડીને બોલાવ્યા, તોપણ કોઈ ફરક પડ્યો નહીં. તેઓ હવે રાજાના આદેશ કરતાં વધુ શક્તિશાળી આદેશ તરફ ધ્યાન આપી રહ્યા હતા.

ઇમિલિઓ દરિયા કિનારે પહોંચ્યો ત્યાંસુધીમાં તો તેનો ચહેરો પ્રકાશથી રૂપાંતરિત થઈ ગયો હતો. તેની સંપૂર્ણ સત્તામાંથી તેજ પ્રસરી રહ્યું હતું. છેલ્લા તાલ સાથે, એક એવો તાલ જેના ધ્વનિના તરંગ ફેલાઈને આખા રાજ્યમાં ગુંજવા લાગ્યા, તેણે એ ઢોલ તોડી નાંખ્યું અને તેના ટુકડા દરિયામાં ફેંકી દીધાં.

*ત્યાં જા, ખબર નહીં ક્યાં. એ લઈ આવ, ખબર નહીં શું,* ઇમિલિઓએ ધીરેથી પાણીને કહ્યું.

બસ, હવે તે જાણી ગયો હતો : તે સદૈવ 'ત્યાં જ' હતો. તે સદૈવ 'તે' જ હતો.

---

આ વાર્તા લિયો ટોલ્સટૉયની પરીકથા "The Empty Drum" પરથી પ્રેરિત છે.

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.